ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૬ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં રાત્રિના ૯ બાદ બજાર બંધ

કોરોના સંક્રમણને અટકાવવા પોલીસે રાત્રિ દરમિયાન પેટ્રોલીંગ કરી કડક કાર્યવાહી હાથ ધરી : ટી સ્ટોલ તેમજ પાનના ગલ્લે ભીડ ન જામે તે માટે કડક સુચના

ગાંધીનગર તા ૨

શહેરમાં કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે બજારમાં રાત્રિના સમયે બિનજરૂરી ભેગી થતી ભીડને ડામવા માટે પોલીસ પણ એકશન મોડમાં આવી ગઈ છે. રાત્રિના સમયે ૯ વાગ્યા બાદ પાનના ગલ્લા, ટી સ્ટોલ તેમજ શાકભાજીની લારીઓ પણ બંધ કરી દેવા માટે પોલીસે કડક સુચના આપી છે. જયારે અમલનો ભંગ કરનારા દુકાનદારો સામે પણ કડક પગલા લેવાશે.

કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે ત્યારે સરકારે લોકડાઉન આપવાનો વિચાર હજુ સુધી કર્યો નથી ત્યારે કોરોનાનુ સંક્રમણ વધતુ અટકાવવા માટે જરૂરી સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. રાજયના વિવિધ શહેરોમાં કોરોનાનો ગ્રાફ સતત ઉંચો આવી રહ્યો છે. આવા સંજોગોમાં બિનજરૂરી ભીડ એકત્રિત ન થાય તે માટે પોલીસ તંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયુ છે. દિવાળીના તહેવારમાં બજારમાં ભારે ભીડ જોવા મળી હતી જયારે આ ભીડના લીધે દિવાળી બાદ અચાનક જ શહેરમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો હતો રોજબરોજ કોરોનાના નવા કેસો સામે આવી રહ્યા છે. ત્યારે કોરોનાના વધતા સંક્રમણને અટકાવવા માટે માસ્ક વિનાના ચહેરા પાસેથી આકરો દંડ વસુલવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત જિલ્લામાં કોઈપણ પ્રસંગે સરકારે નક્કી કરેલા નિયત આંકડાથી વધુ ભીડ એકત્રિત ન થાય તેની પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના સમયે પણ નગરના હાર્દસમા સે-૨૧ અને ન્યુ ગાંધીનગરના કુડાસણ રીલાયન્સ ચોકડી સહીતના વિસ્તારમાં રાત્રિના સમયે બિનજરૂરી ચહાની ચુસ્કી મારીને ભીડ ભેગી થતી હોવાનુ પણ પોલીસતંત્રના ધ્યાને આવ્યુ હતુ જયારે પાનના ગલ્લા અને નામી પાર્લરો પર પણ રાત્રિના સમયે ભીડ જામતી હતી. જેના લીધે પોલીસ તંત્રએ રાત્રિના ૯ વાગ્યા સુધીમાં ચહાની કીટલીઓ, પાનના ગલ્લા સહીત શાકમાર્કેટ બંધ કરાવવા માટે કડક વલણ અપનાવ્યુ છે. રાત્રિના સમયે પોલીસની સુચના બાદ પણ ધંધો કરનારા વેપારીઓની દુકાનો સીલ કરવા સહીતની ચિમકી પણ પોલીસે આપી છે. જયારે કેટલાક વેપારીઓએ આ સ્થિતિ વચ્ચે સ્વેચ્છાએ રાત્રિના ૯ કલાક બાદ દુકાનો બંધ કરી દેવાના નિર્ણય લીધો છે. જયારે દુકાનદારોએ દુકાનો પર સમયને અનુલક્ષીને પાટીયા પણ લગાવી દીધા છે. રાજયના અન્ય શહેરોની જેમ ગાંધીનગરમાં પણ દિવાળી બાદ કોરોનાએ વધુ જોરથી માથુ ઉંચકતા આરોગ્ય તંત્ર અને સરકારમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. ત્યારે આવા સંજોગોમાં કોરોનાના સંક્રમણને વધુ ફેલાતુ અટકાવવા માટે સરકારી ગાઈડલાઈનના પાલન સાથે વધુ સાવચેતીના પગલા પણ લેવાઈ રહ્યા છે. શહેરમાં રાત્રિના સમયે એક બાજુ ઠંડીનો ચમકારો શરૂ થયા બાદ માર્ગો પર ખાસ ચહલ પહલ જોવા મળતી નથી ત્યારે બિનજરૂરી ખુલ્લા રહેતી કીટલી અને પાનના ગલ્લાઓ સહીતની લારીઓ પર ટોળ ટપ્પા મારતા તત્વોને અંકુશમાં લેવા અને કોરોનાના સંક્રમણને અટકાવવા માટે પોલીસ એકશન મોડમાં આવી ગઈ છે.

વરસાદ બાદ ગાંધીનગરમાં વનરાજી ખીલી ઉઠી છે. દર વર્ષે વનવિભાગ દ્વારા કરવામાં આવતા વૃક્ષારોપણના કારણે પણ ગાંધીનગર શહેર ખૂબ હર્યું ભર્યું અને સુંદર લાગે છે. ડિવાઈડરોની વચ્ચે ઉછેરવામાં આવેલા વિવિધરંગી પુષ્પો શહેરની સુંદરતાને ચાર ચાંદ લગાવી રહ્યા છે. ચ-૫ થી ચ-૩ જવાના માર્ગે ઉછેરવામાં આવેલા પીળા-કેસરી ફુલો હાલમાં ખુબ ખીલ્યાં છે. આ માર્ગ ખુબ જ સુંદર દેખાઈ રહ્યો છે.

મેદરા ગામે જમાઈએ ચાકુ વડે સાસુ પર હુમલો કર્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા મેદરા ગામે જમાઈએ ચાકુ વડે સાસુ પર હુમલો કરતા મારામારીમાં ત્રણ વર્ષથી બાળકીને પણ છરી વાગી હતી. મેદરા પરમાર પુરા રેલ્વે ફાટક પાસે રહેતા નંદાબેન દિનેશભાઈ દંતાણીયા આ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે તે મુજબ તેઓ પતિ અને પાંચ સંતાનો સાથે રહે છે. તેમની સૌથી મોટી ૨૨ વર્ષિય દિકરીના લગ્ન વટવા ગામના પુનાભાઈ વાજાભાઈ દેવીપૂજક સાથે થયા હતા. ફરીયાદીની દિકરીને પણ સંતાનોમાં એક દિકરો અને ત્રણ વર્ષની દિકરી છે. ફરીયાદ મુજબ ફરીયાદીની દિકરી પરિવાર સાથે તેમના ઘરે આવી હતી. તા.૩૦ નવેમ્બરના રોજ સાંજના ૬ વાગ્યાના અરસામાં જમાઈ ગામમાં જઈને પરત ફર્યા હતા. ત્યારે તેઓએ કહ્યું હતું કે મારે ઘરે જવુ છે અને મારા છોકરા સાથે લઈ જવાના છે. તમારી દિકરી તમારા ઘરે રાખો, સાંજના સમયે ફરીયાદી શાક સમારી રહ્યા હતા તે સમયે જમાઈએ બોલાચાલી કરી હતી. જમાઈએ ફરીયાદી પાસે રહેલી ત્રણ વર્ષની બાળકીને લેવા માટે સાસુ સાથે ઝપાઝપી કરીને ચપ્પુ ઝુંટવી લીધુ હતું. ફરીયાદીના દાવા પ્રમાણે જમાઈએ તેમના હાથે અને ગાલના ભાગે ચપ્પુ મારી દીધુ હતુ. જયારે સાથે રહેલી ત્રણ વર્ષની બાળકીને પણ જમણા હાથે અને ગાલ પર ચપ્પુ માર્યું હતું. આ સમયે ફરીયાદીના પતિ તેમજ દિકરી આવી જતા જમાઈ ઘરેથી ગાળો બોલતા બોલતા ભાગી ગયો હતો.જેને પગલે મહિલાના પતિ બંને પ્રાઈવેટ વાહનમાં અમદાવાદ સિવિલ લઈ ગયા હતા.જયા ફરીયાદી અને તેમના ભાણીને સારવાર માટે એડમીટ કરાયા હતા. સમગ્ર મુદે જમાઈ સાથે ફરીયાદ નોંધાવતા ડભોડા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મીનાબજારમાં મહિલા સફાઈ કર્મચારી નિવૃત થતાં વેપારીઓએ સન્માન કર્યું

ગાંધીનગર, તા.૨

જીવનમાં સ્વચ્છતા-સફાઈ ખુબ મહત્વનું સ્થાન ધરાવે છે જે વાત રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીથી માંડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશની જનતાને સમજાવી ચૂક્યા છે. આજના કોરોના કાળમાં હવે નાગરિકોને આ વાતનું મહત્વ સમજાઈ રહ્યું છે અને તે સાથે સાથે સફાઈ કર્મચારીઓની અગત્યતા પણ હવે સ્વીકારવામાં આવી રહી છે. આ બાબતને અનુલક્ષીને ગાંધીનગરના સેક્ટર-૧૦એમાં જૂના સચિવાલય પાસેના મીના બજાર ખાતે લાંબા સમયથી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા લીલાબેન બાબુભાઈ વાઘેલા વય નિવૃત થતાં પ્રગતિ લારી પાથરણાં મંડળ તથા શિવ માઈક્રો શોપિંગ મંડળ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

લીલાબેન બાબુભાઈ વાઘેલાએ સફાઈ કામદાર તરીકે મીના બજાર ખાતે લાંબો સમય ફરજ બજાવી હતી અને સફાઈ કામદાર તરીકે તેમની સફાઈ કામગીરી ખુબ જ સારી અને નિષ્ઠાપૂર્વકની હતી. તેઓ તા. ૩૦મી નવેમ્બરના રોજ સેવા નિવૃત્ત થયા છે. નિવૃત્તિ બાદ તેમની તંદુરસ્તી સારી રહે એવી શુભેચ્છા સાથે તેમણે પ્રમાણ પત્ર આપીને પ્રગતિ લારી પાથરણાં મંડળ તથા શિવ માઈક્રો શોપિંગ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રગતિ લારી પાથરણાં મંડળના તુલસીભાઈ માલી તેમજ ભગાભાઈ પ્રજાપતિ, રમેશભાઈ ઠક્કર, પ્રવીણભાઈ ચાવડા, કનુભાઈ વાલેરા, જયેન્દ્રસિંહ બિહોલા, વિરભદ્રસિંહ રાઠોડ સહિત બંને મંડળના અન્ય વેપારી ભાઈઓ તેમજ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સેકટર-૧૪માં પુત્રવધુ અને સાસરીપક્ષના સભ્યો વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૪ માં સાસરીયા અને પુત્રવધુ વચ્ચે મારામારી થતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. મળેલી માહિતી મુજબ સેજલબેન સંદિપભાઈ પરમારે આ અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. તે મુજબ મુળ અમદાવાદ ગીરધરનગર રહેવાસી ફરીયાદીના લગ્ન સેકટર-૧૪ પ્લોટ નં. ૧૩૯-૨ ખાતે રહેતા સંદિપ જીવણભાઈ પરમાર સાથે વર્ષ ૨૦૧૩માં થયા હતા. ફરીયાદીના પતિ છેલ્લા ૩ વર્ષથી યુરોપ ગયા છે. જયારે ફરીયાદી પોતાના પિયરમાં રહે છે. ઓકટોબરમાં ફરીયાદી મહિલા પિયર ગયા હતા તેના બીજા દિવસે તેણીના પતિનો ફોન આવ્યો હતો. અને કહ્યું કે મારા પિતાજી તારા કાકાને જઈને કહી આવ્યા છે કે તમારી છોકરી સેજલને હવે ગાંધીનગર સાસરી ખાતે મોકલતા નહી. જેથી હવે તુ મારા ઘરે જતી નહી, પતિના આ પ્રકારના શબ્દોને પગલે ફરીયાદી પિયરમાં રોકાઈ ગયા હતા. મંગળવારે ફરીયાદી સાસરીમાં પોતાના કપડા અને ડોક્યુમેન્ટ લેવા માટે ગયા હતા. આ સમયે દિયર ગૌરવ ઘરે હાજર હતો. જયારે સાસુ પુષ્પાબેન, સસરા જીવણભાઈ અને નણંદ દિપિકા સેકટર-૨૧ ખાતે શાકભાજી લેવા માટે ગયા હતા. ફરીયાદી પોતાનો સામાન લઈ રહ્યા હતા તે સમયે સાસરીપક્ષના સભ્યો આવી ગયા હતા. જેથી ફરીયાદીએ ડોક્યુમેન્ટનું કામ હોવાથી તેમજ કપડા ફ્રેન્ડના લગ્ન હોવાથી કપડા લેવા માટે આવી હોવાનું જણાવ્યું હતું. જેથી સાસુએ સંદિપને સામાન લેવા અને અહી આવવા અંગે પુછ્યું છે કે નહી કહીને પુત્ર ગૌરવને સંદિપને કોલ કરવા માટે કહ્યું હતું. દિયરે ફોન લગાવી આપતા ફરીયાદી વાત કરતા તે સમયે રકઝક શરૂ કરી હતી. જયારે ગાલ પર તમાચા મારવા લાગ્યા હતા. ફરીયાદીના નણંદ તેમજ સસરા બોલાચાલી કરીને ઝપાઝપી કરવા લાગ્યા હતા. મહિલાએ બુમો પાડતા સસરા અને દિયર કેમ બુમ પાડે છે કહીને મોઢુ દબાવી દીધુ હતું. મારામારીમાં સાસુ તેમજ દિયરના હાથે કપડા ફાટી જતા તેઓ બહાર દોડ્યા હતા. સાસુ અને નણંદે વાળ પકડીને ઝપાઝપી કરી હતી. જે બાદ તેઓ ઘરે આવીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મંગળવારના રોજ બનેલી ઘટના અંગે રાત્રે મહિલાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ફરીયાદીના આક્ષેપો સાથે તપાસ કરવાની સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિશ્વ એઈડસ દિન નિમિત્તે સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે ચોપડા તથા પેનનું વિતરણ

ગાંધીનગર, તા.૨

વિશ્વ એઈડસ દિવસ નિમિત્તે તા. ૧ ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસયાટી અને ગુજરાત રેડક્રોસ સોસાયટી દ્વારા સે-૧૯ સ્થિત સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ફોર બોયસ ખાતે ફેસીલીએશન ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એચઆઈવી/એઈડસ ઉપરાંત કોરોનાની અટકાયત માટે કાર્યરત સંસ્થાઓને પોતાના જિલ્લામાં કરેલ સેવા કાર્ય માટે પ્રમાણપત્ર ગુજરાત રેડક્રોસ દ્વારા આપવામાં આવ્યા હતા. જેમાં ડૉ. કલ્પેશ ગોસ્વામી, ડૉ. મીના ચૌહાણ, મિલન નાયક, હિનાબેન ચૌધરી, મનુભાઈ વાઘેલા, વિરાટભાઈ નાગર, વર્ષાબેન પંડયા, રાજુભાઈ ઠકકર, રમેશભાઈ, રાજેશભાઈ શ્રીમાળીનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજેશભાઈ ભટ્ટ દિપીકાબેન પટેલ અને દિપાલીબેન દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ગાંધીગનર જિલ્લા રેડક્રોસના જીલુભા ધાંધલ, મગનભાઈ કાકડીયા, અશ્વનભાઈ દવે, નિલેન્દુ વોરા તથા અન્ય હાજર સભ્યો દ્વારા બાળકોને ચોપડા તથા પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો.

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. કમળાબા રતનજી વાઘેલા, ઉ.વ. ૭૪, કોલવડા, તા. ગાંધીનગર
- સ્વ. વાઘેલા રાજેન્દ્રસિંહ ગોવિંદજી, ઉ.વ. ૩૯, સેકટર-૩૦, ગાંધીનગર
- સ્વ. પટેલ નારણભાઈ પરસોત્તમદાસ, ઉ.વ. ૮૮, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. કેશવલાલ મગનલાલ ચૌહાણ, ઉ.વ. ૮૨, પ્રાંતિજ, જી. સાબરકાંઠા
- સ્વ. તલવાડી અનિલ ભૂપેન્દ્રભાઈ, ઉ.વ. ૪૬, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. ચંચળબેન હરિભાઈ વણકર, ઉ.વ. ૬૧, સોજીત્રા
- સ્વ. શારદાબેન રતિલાલ પ્રજાપતિ, ઉ.વ. ૬૧, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ મણીલાલ કચરદાસ, ઉ.વ. ૬૯, રાજપુરા, તા. માણસા
- સ્વ. રાણા ચંદુજી વિશાજી, ઉ.વ. ૬૫, ધણપ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કચરાજી અમૃતજી, ઉ.વ. ૨૭, આમજા, તા. કલોલ
- સ્વ. ચૌહાણ વિરેન્દ્રસિંહ બાદરસિંહ, ઉ.વ. ૩૩, સેકટર-૩૦, ગાંધીનગર
- સ્વ. સોની હસમુખલાલ અંબાલાલ, ઉ.વ. ૭૨, રખિયાલ, તા. દહેગામ
- સ્વ. રાઠોડ શિવાનીબેન અનિલભાઈ, ઉ.વ. ૪૦, ચાંદખેડા, અમદાવાદ

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. વસંતબેન ઈશ્વરભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૧, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ બળદેવભાઈ સોમાભાઈ, ઉ.વ. ૭૨, ઉવારસદ, તા. ગાંધીનગર
- સ્વ. મંગળાબેન જગન્નાથ મહાલે, ઉ.વ. ૬૭, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. સેંધાભાઈ મગનભાઈ ગોહિલ, ઉ.વ. ૭૫, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ગુરૂદાસમલ સાજનમલ ગોવિન્દાની, ઉ.વ. ૬૫, કુબેરનગર, અમદાવાદ
- સ્વ. રમણલાલ સોમાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૫, જાંડવા, તા. દહેગામ
- સ્વ. બબીબેન કાન્તીજી ઠાકોર, ઉ.વ. ૭૦, તારાપુર, જી. ગાંધીનગર

લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમીના દ્વારા મધુર-ફેમીના આંતરરાષ્ટ્રીય રંગોળી સ્પર્ધાનું આયોજન એક ઉત્તમ દિવાળી ભેટ બની રહી

ગાંધીનગર, તા.૨

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના તેમજ મધુર ડેરી દ્વારા વ્યક્તિની જીવન જરૂરિયાત સંતોષવાની સાથે લોકજીવનમાં ઉલ્લાસ-આનંદ-ઉત્સાહ ભરવાનો પ્રશંસનીય પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

આ માટે મધુર-ફેમીના આંતરરાષ્ટ્રીય રંગોલી સ્પર્ધાનું આયોજન એક ઉત્તમ દિવાળી ભેટ બની રહી. આટલા વિશાળ ફલક પર ઓનલાઈન રંગોળી સ્પર્ધાનું પ્રથમવાર આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત, ભારતના ખૂણે – ખૂણેથી તેમજ કેનેડા, યુએસએ, મસ્કત, દુબઈથી સ્પર્ધકો આ સ્પર્ધામાં જોડાયા હતા. તારીખ ૧૦ થી ૧૬ નવેમ્બર, દિવાળીના દિવસો દરમ્યાન રંગોલીનો ફોટો-વીડીયો, ઓનલાઈન સબમીટ કરવાના હોવાથી તમામ સ્પર્ધકો અને તેમના પરિવારજનોમાં આડકતરી રીતે દિવાળીનો માહોલ સર્જાયો હતો. આ તમામ રંગોલીનો ડિજીટલ માધ્યમ પર બહોળો પ્રચાર-પ્રસાર કર્યા બાદ દેવદિવાળીના દિવસે એનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

પરિણામ માટે વિષય નિષ્ણાત તરીકે ત્રણ કલાકારોએ સેવાઓ આપી હતી. જેમાં શ્રી સુગત પ્રિયદર્શી (દુબઈ), માનસી વિરાણી(સુરત) તેમજ મનાલી ભટ્ટ(ચેન્નઈ)નો સમાવેશ થાય છે. વિવિધ વિષયો સાથેની કલાત્મક રંગોલીએ નિર્ણાયકો તેમજ વ્યૂઅર્સને-દર્શકોને ખૂબ પ્રભાવિત કર્યા હતા.

આ સમારંભમાં ફેમીનાના પ્રમુખ મમતા રાવલે સમગ્ર સ્પર્ધાની રૂપરેખા આપી હતી. મધુર ડેરીના ચેરમન શ્રી શંકરસિંહ રાણાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. મેયર શ્રીમતી રીટાબેન પટેલે પોતાના સુંદર વક્તવ્ય દ્વારા સૌને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ લાયન્સ ક્લબ, ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-**B1** ના ડિસ્ટ્રીક્ટ ગર્વનર શ્રી નરેન્દ્રભાઈ પટેલે કોરોનાકાળમાં યોજાયેલી રંગોલી સ્પર્ધાને બિરદાવી હતી. આ પછી સ્વસ્તિક રંગોલી ગ્રુપ, બરોડાના સેક્રેટરી અને રંગોલી કલાના સિનીયર આર્ટીસ્ટ શ્રી અભય ગડકરીજીએ સ્પર્ધકોને રંગોલી વિશે સમજાવતા માર્ગદર્શન આપ્યું હતું.

દેશ-વિદેશના સ્પર્ધકોએ આયોજકો પ્રતિ સંતોષ અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. અને પ્રતિવર્ષ આવા આયોજનની ઈચ્છા પ્રદર્શિત કરી હતી. અંતમાં મધુર ડેરીના પીઆરઓ નિતીન મેકવાને આભાર દર્શન કર્યું હતું.

માણસા ખાતે કોરોના વોરિયર્સ તબીબો સહિત કર્મયોગીઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૨

પહેલી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત એવી સેવાને વરેલી સંસ્થા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગુજરાત બ્રાન્ચ દ્વારા કોરોના કાળમાં પોતાના જીવની પણ પરવા કર્યા વિના આરોગ્ય ક્ષેત્રે સંનિષ્ઠ કામગીરી બજાવતા કર્મયોગીઓ અને સેવાભાવી ડોકટર્સનું ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી માણસા તાલુકા શાખાના ચેરમેન સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં માણસા શહેરના સેવાભાવી તબીબ ડો. રાકેશભાઈ ગોસ્વામી, ડો.તુષારભાઈ એસ. જાની, ઈન્ડીયન મેડિકલ એસોસીએશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બ્લડ બેંક, માણસા જનરલ હોસ્પિટલ, તાલુકા હેલ્થ સેન્ટર તેમજ અર્બન હેલ્થ સેન્ટરના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી સન્માનપત્રનો સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે ઈન્ડીયન મેડિકલ એસોસીએશન સંચાલિત બ્લડ બેંક કમિટીના સભ્યો મહેન્દ્રભાઈ પંચાલ, રસિકભાઈ પટેલ, રિન્કેશભાઈ જોષી, ભાજપ મહામંત્રી અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી માણસા તાલુકા શાખાના મહામંત્રી મોતીભાઈ પુરોહિત અને રોયલ ક્ષત્રિય ઠાકોર સમાજના તાલુકાના પ્રમુખ નરેશસિંહ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસે માનવતાના આ પુજારીઓનો આભાર માની માણસા તાલુકા અને શહેરના પ્રજાજનોને વધુને વધુ સારી સેવા મળે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી. કાર્યક્રમના સમાપને બ્લડ બેંકની પણ શુભેચ્છા મુલાકાત લઈને સૌ કર્મયોગીઓને સારી સેવાઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા.